

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ચૂસાયા પછી કેરીનાં, ગોટલાં ફેંકાઈ જાય છે,*
*ને સૂકાયા પછી ગોટલી પણ શેકાઈ જાય છે,*
*ફેંકાઈ જાય છે પૂજ્ય વડીલ પણ ખૂણામાં -*
*ઘાણીમાં પિલાયા પછી ફોતરાં ફેંકાઈ જાય છે.*

હાઈકુ

*ફેંકાઈ જાય*
*આદરણીય વૃદ્ધ*
*નેતાશ્રી પણ*

*ઉતર્યા પછી*
*સાહેબ પદ પરથી*
*ફેંકાઈ જાય.*

### ચિંતન

**યાંચા મોઘા : વરમ અધિગુણે,**
**ન અધતે લબ્ધ કામા: ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

દુર્જન કરતાં સજ્જન પાસે યાચના કરવી.

જેમને પ્રતિષ્ઠા સાથે પોતાની ઈચ્છિત વસ્તુ સાધન-સંપત્તિ મળી ગયા છે. એવા દુષ્ટ-દુર્જન અધમ માણસો પાસે યાચના કરતાં કરતાં, સદ્‌ગુણી પણ સામાન્ય મધ્યમવર્ગીય જન પાસે યાચના કરવી સાર્થક બને છે.

આજકાલ સત્તા પદ પર ગુંડા અને અસંસ્કારી લોકો યેન-કેન પ્રકારે આવી જાય છે અને કનિષ્ઠ અધમ માર્ગ પૈસા એકત્ર કરવા લાગે છે. કરોડો અબજો એકત્ર કર્યા પછી એમને તો સંતોષ તો જ નથી. પરંતુ તેથી વિપરીત ગરીબ અને જરૂરિયાતમંદ લોકોનું પણ શોષણ કરતાં આ લોકો અચકાતાં નથી. આવા લોકો દાન-પુણ્ય કે ગરીબોને આપવા માટે ઉદારતા દાખવે એવી તો અપેક્ષા ક્યાંથી રાખી શકાય ?

આવા લોકો સામે હાથ લંબાવવામાં આવે તો, મહેનત મજૂરી માટે કથા કે ભાષણ સાંભળવા મળે પણ કંઈ આર્થિક સહાય કે સાર્થક આશ્વાસન તો ન જ મળે.

સજ્જન - સંસ્કારી પાસે યાચના કરવાથી પ્રેમસભર આશ્વાસન સાથે આર્થિક સહાય મળે છે.

### સુવિચાર

- તુઝસે ના છૂટ પાયા હાથ જિંદગી.... તેરા મિલ ભી ન પાયા સાથ જિંદગી - **યોગ પંડ્યા**
- સાયકલ અને જિંદગી ત્યારે જ સારી રીતે ચાલી શકે છે જયારે 'ચેન' હોય છે - **જનકલ્યાણ**
- તમે ભૂતકાળની યાદમાં અને ભવિષ્યની ચિંતામાં ખોવાયેલ હોય,
  ત્યારે જ ધીમેકથી જતી રહે છે એનું નામ 'જિંદગી' - **સ્નેહા પટેલ**
- જીવનમાં જીત જરૂરી નથી પણ તમારા બોલાયેલા શબ્દો ન હારે એ જરૂરી છે - **બી. કે શિવાની**
- તોફાનો ભલે આવે જિંદગીમાં ટકી રહેવાની ખુમારી ઘણી છે,
  દુઆઓની વાવણી મેં કરી છે, એમાંય ઈશ્વરની મહેરબાની ઘણી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આનંદ કરવા કરતાં અઘરું છે, કોઈને આનંદ કરતાં જોઈ શકવું - **સુરેશ પાઠક**
- આજનું ઔષધ : પાંચ લિટર સાદા પાણીમાં દસ ગ્રામ ફટકડી પલાળીને સવારે તે પાણીથી સ્નાન કરવાથી ખંજવાળ મટે છે અને શરીરનું દુર્ગંધ પણ મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આસફ ઉદ્ દૌલા ઉદાર હૃદયનાં બાદશાહ હતા. એમને આંગણે આવનાર કોઈ ખાલી હાથ ન જતા. એક ફકીરે બાદશાહની પ્રશંસામાં કહ્યું. 'જીસ કો નદે મૌલા ઉસે આસફ ઉદ્ દૌલા. 'બાદશાહે પ્રસન્ન થઈ સરસ મજાનું એક તરબૂચ ભેટમાં આપ્યું. ફકીર વિલા મોઢે દરબારમાંથી વિદાય થયા. બાદશાહે સરખું દાન ન આપ્યું એનું દુઃખ એમને હતું. એમને રસ્તામાં એમના જેવા ફકીર મળ્યો. અને બાદશાહે બારઆના ભેટમાં આપ્યા હતા. બંને ફકીર એકબીજાના ખબરઅંતર પૂછ્યા. પહેલા ફકીરે નિસાસો નાખતા કહ્યું. 'અરે, મને તો માત્ર તરબૂચ આપ્યું.' જયારે બીજા ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર ફકીરને કોઈ અસંતોષ ન હતો. એણે કહ્યું, 'અરે, બાદશાહે મને તો બાર આના આપ્યા.' પહેલા ફકીરે કહ્યું, 'વાહ તમને તો મારા કરતાં ફાયદો થયો.' બીજા ફકીરે કહ્યું, 'જે મળે તો બધું બરાબર, તો હું તમને બારઆના આપી આપનું તરબૂચ ખરીદી લઉં છું.' પહેલો ફકીર ખુશ થયો અને મનોમન વિચાર્યું કે ખેર, બાર આના તો મળ્યા. બીજો ફકીર તરબૂચ લઈ ઘરે ગયો. તેણે તરબૂચ કાપ્યું તો તેમાં હીરા-ઝવેરાત ભર્યા હતા. પહેલો ફકીર બાર આના લઈ ફરી મહેલ પાસેથી કંઈક ગાતો નીકળ્યો. બાદશાહ એ ફકીરને ઓળખી ગયા. 'તમે હજી યાચના કરો છો? તમને જે તરબૂચ આપ્યું હતું છતાં તમે હજી ઉદાસ છો?' ફકીર હસ્યો 'બાદશાહ સલામત, મજાકની કોઈ હદ હોય. મેં એ તરબૂચ તો બાર આનામાં વેચી નાખ્યું. નસીબ સારું કે બાર આના તો મળ્યા.' બાદશાહે કહ્યું, 'અરે મૂરખ!! તને ખબર છે એ તરબૂચમાં હીરા-ઝવેરાત ભર્યા હતા. પણ તમને સંતોષ કયાં છે? જો તમે સંતોષ રાખ્યો હોત તો તમને ઘણું મળી શક્યું હતું. તમને તરબુચથી અકળામણ થઈ. અંસતોષ થયો અને તમે એને વેચીને ખુશ થયા, તમારા પછી આવેલા ફકીરના દિલમાં સંતોષ થયો હતો અને તેથી એ સંતોષનો યોગ્ય પુરસ્કાર મળ્યો.'

# જમ્મુ અને કાશ્મીરમાં ઘીના ઠામમાં ઘી

**તંત્રીસ્થાનેથી...**

'આ ૩૭૦મી કલમ અમને અંગ્રેજો આપીને નથી ગયા. એ તો પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલની દેન છે.' કાશ્મીરી નેતાઓની આ દલીલ ખોટી નથી પણ એથી હવે તવી નદીનાં પાણી પાછાં વળવાનાં નથી, એની પણ એમને ખબર છે. જમ્મુ શહેર તવી નદીના કિનારે વસેલું છે. અમદાવાદથી જમ્મુ જનારી એક ટ્રેનનું નામ જમ્મુ તવી એક્સપ્રેસ છે. શૅરે કાશ્મીર જેવું હુલામણું સમ્માન ધરાવતા શેખ અબ્દુલ્લા વિભાજનકાળના કાશ્મીરના સૌથી પ્રભાવશાળી નેતા હતા. એમને બંને હાથમાં લાડવા હતા. પાકિસ્તાન સાથે ભળીને પણ એ જમ્મુ અને કાશ્મીરના તો સર્વેસર્વા રહી શકે એમ હતા. પંડિત નહેરુ સાથેની દોસ્તી અને તત્કાલીન કાશ્મીરના મહારાજ હરિસિંહ સામેની સ્પર્ધા એમને અવઢવમાં રાખતી હતી. કલાબીઓના હુમલા પછી અસમંજસમાં પડેલા મહારાજાએ ભારત સાથેના જોડાણ પછી સહી કરી દીધી અને બદલામાં કાશ્મીરને સ્પેશિયલ સ્ટેટનો દરજ્જો સાંપડ્યો. એને અલગ ધ્વજ ફરકાવવાની છૂટ અપાઈ. આ બધો ભૂતકાળ છે. આખો દેશ આઝાદી પૂર્વે રજવાડાંમાં વહેંચાયેલો હતો. ગુજરાતનાં સૌરાષ્ટ્રમાં જ નાનકડાં પાજોદથી લઈ જામનગર, ભાવનગર અને ગોંડલ જેવાં કેટલાં બધાં રજવાડાં હતાં! હજી આટલાં વર્ષો પછી પણ રાજવંશીઓનાં રાજતિલક થયા કરે છે અને એમની શિકારી ગાડીઓ પણ ફલાણા કે ઢીંકણાં સ્ટેટની તકતીઓ લગાડેલી જોવા મળે છે. જમ્મુ અને કાશ્મીર અંગે 'પ્રજા' અર્થાત્ શેખ અબ્દુલ્લા જેવા નેતાઓ સાથે ભારત સરકારે કરેલ કરારનો ધરાર ભંગ કરવાની હિંમત નરેન્દ્ર મોદી સિવાય બીજો કોઈ વડાપ્રધાન કરી શકે એમ નહોતો. એ સાચું કે કરારનો ભંગ થયો છે પણ એવું તો માનવીના અંગત જીવનમાં પણ કયાં નથી થતું ? ખુદ નહેરુનંદિની પ્રિયદર્શિની ઈંદિરા ગાંધીએ દેશનાં અસંખ્ય રજવાડાંને કલમના એક જ ગોડે રાતા પાણીએ રોવડાવ્યા હતં એ કોણ નથી જાણતું ? ત્યારે પણ મોરારજી દેસાઈ જેવાં 'આદર્શ' નેતાઓને રજવાડાં સાથેના કરારનો સરેઆમ ભંગ થતો જોઈ અરેરાટી ઊપજેલી. જમ્મુ અને કાશ્મીર મુદ્દે કોંગ્રેસથી લઈ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ આવું જ અરણ્યરૂદન કરીને મોદીને વધુ પાંચ વર્ષ શાસન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી રહ્યા છે. મોદી કે શાહ નર્મદભૂમિ ગુજરાતના બડકમદાર નેતાઓ છે. પગલું ભર્યા પછી એ પાછા થોડા હઠવાના છે? આ બાબત ગુપકાર ગ્રુપના તમામ નેતાઓ સુપેરે સમજી ચૂક્યા છે, છતાં જમ્મુ કાશ્મીરના સ્પેશિયલ સ્ટેટસની કરવા ખાતર માગતી કરતા રહે છે. ખરી વાત તો એ છે કે દોઢ-બે વરસના કારાવાસથી તેઓ ધરાઈ ગયા છે. સત્તા સામે શાણપણ નકામું છે એ પણ એમને સમજાઈ ગયું છે. એટલે જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્ર સરકારની કડકાઈથી કંટ્રોલમાં આવી ગયેલ આતંકવાદ અને વિભાજનકારી વલણ પછી એને ફક્ત સંપૂર્ણ રાજયનો દરજ્જો વેળાસર મલી જાય એટલામાં એ રાજીના રેડ થઈ જવાના છે. એમને પણ ફરી ધારાસભ્ય, સંસદસભ્ય અને મુખ્યમંત્રી બનવું છે. એ પણ હકીકત છે કે દેશમાં દાયકા સુધી નહેરુવંસ ચાલ્યો એમ જમ્મુ અને કાશ્મીરમાં શેખ અબદુલ્લા અને મુફતીનો વંશવેલો જ વારાફરતી રાજ કરતો રહ્યો છે. નહેરુવંશ સામે કયારેય ન ટકી શકે એવા ભ્રષ્ટાચારના આક્ષેપો આ બે પરિવારો વિરુદ્ધ પુરવાર થઈ શકે એમ છે. એટલે વયોવૃદ્ધ 'રામભકત' ફારુખ અબ્દુલ્લા ચુપચાપ કેન્દ્રનું આમંત્રણ મળતાં સમાધાનકારી અભિગમપૂર્વક દિલ્હી દોડી આવ્યા અને વટકેલાં પાકપરસ્ત ભાજપનાં પૂર્વ મહિલા ભાગીદારને પણ ખેંચી લાવ્યા. હવે ત્યાં જિલ્લા વિધાનસભાની ચૂંટણી પણ થશે. લદાખ ઉપર એ કયારેય દાવો નહીં કરી શકે અને પૂર્ણ રાજયનો દરજ્જો મળતાં દેશનાં બીજાં રાજયોની સાથે એંટ પાર સામાન્ય રાજય બની રહેશે.

# મેલેરિયા માટે પણ PCR ટેસ્ટ થાય?

## PCR શું છે ? ● કયા કયા ટેસ્ટમાં PCR થઈ શકે છે? ● PCR ટેસ્ટ ભરોસા પાત્ર છે?



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાલાલ અને ડાહ્યાલાલ, વિપુ અને નિલેષ ચારેય જણા પોતાની ખુરશી લઈને બેઠા હતા. ચારે બાજુ અંધારું હતું. કયાંક કયાંક મચ્છરનો અવાજ આવતો હતો. ગાંડાલાલ બોલ્યા, 'યાર બહુ ડૉહ થયા છે?' આ ડાહ્યાલાલ બોલ્યા જરા... સરખુ બોલો આ ડોહ એટલે શું? અરે યાર તમારી નવી ભાષામાં 'મચ્છર'. ડાહ્યાલાલે કહ્યું વરસાદ પડ્યો છે, ચારે બાજુ પણી ભરાયા છે, કાદવ કીચડ છે, મચ્છર તો થાય જ ને!! ગાંડાલાલથી રહેવાયું નહીં. મચ્છર થાય પણ હાથી ના પડે પણ આ સાલા મચ્છર હાથી કરતા ભારે પડે છે. લોકોને એટલા બધા બિમાર કરી નાખે છે કે ડૉકટરને ખબર ન પડે કે શું નિદાન કરવું. લેબોરેટરી અત્યારે જે રીપોર્ટ આપે ઓછે એમાં એ લોકોના પણ લીમીટેશન છે. ઘણી બધી વખત શરુઆતમાં ટેસ્ટમાં સાચી હકીકત રિપોર્ટમાંથી બહાર આવતી નથી, અને ડૉકટર દર્દીને લક્ષણો પૂછે છે જે ભળતા હોય છે, કે જે વાઈરલ ઈન્ફેકશન (વાઈરસનો ચેપ) અથવા તો બેકટેરીયાનો ચેપ છે કે મેલેરિયાનો છે કે ટાઈફોઈડ છે એ કાંઈ ખબર પડતી નથી. અને લક્ષણો બધાના એક સરખા હોવાના લીધે ડૉકટરો પણ નિર્ણય પર આવી શકતા નથી. એટલે ડોકટરો દર્દીને લેબોરેટરીમાં મોકલે. લેબોરેટરીમાં પણ દરેક ટેસ્ટની કીટની લીમીટેશન હોય છે. એટલે શરુઆતના સ્ટેજમાં રિપોર્ટ કયુ દર્દ છે એ બતાવી શકતા નથી. જેમ કે મેલેરિયા. મેલેરિયા શરુઆતના સ્ટેજમાં લેબોરેટરી વાળાને દેખાતો નથી એટલું જ ટાઈફોઈડમાં થાય, કમળામાં થાય. અને બીજા ઘણા બધા દર્દમાં એવું થાય કે લેબોરેટરીમાં રિપોર્ટ નેગેટીવ આવે. એટલે જ વારે વારે ડૉકટરો ટેસ્ટ કરાવાનું કહે છે. ગાંડાલાલ ફરી બોલ્યા કે આનો મતબલ એ થાય કે જ્યાં સુધી વધારે તકલીફ ના હોય ત્યાં સુધી લેબોરેટરીમાં રિપોર્ટમાં નિર્ણય આવી શકતો નથી. તો શું કરવાનું ડાહ્યાલાલ, કોની પર ભરોસો રાખવાનો?? જયાં જોવા ત્યાં છટકબારી હોય છે. લોકો દુઃખી છે. પૈસા ખર્ચ્યા પછીના લેબોરેટરીમાં સરખું નિદાન થાય ના ડૉકટરો કંઈ કહી શકે ? એટલે પરિણામે ડૉકટર વાઈરસો ચેપ છે એમ કહીને મેલેરિયાની દવા પણ આપે, જંતુના ચેપની દવા પણ આપે જે દવા વાઈરસમાં પણ ચાલે, મેલેરિયામાં પણ ચાલે, ટાઈફોઈડમાં પણ ચાલે એવી દવા આપે. ગાંડાલાલ બોલ્યા આ તો સાલુ શરીરની દેવાઈ જાય. જે દર્દ હોય કે ના હોય એની દવા ખાતા કરવાની. પૈસા પણ બગડે, સમય પણ બગડે અને શરીર પણ બગડે. આને અખતરા જ કહેવાય ? ડાહ્યાલાલે કહ્યું એવું નથી પણ દરેકની પોતાની ટેકનિકલ મર્યાદા હોય છે. તો વિપુલ વચ્ચે બોલી પડ્યો આ PCR શું છે?? જેને લોકો મોલેક્યુલર લેબોરેટરી કહે છે. ડાહ્યાલાલ બોલ્યા સરસ સવાલ પૂછ્યો વિપુલ. PCR એટલે પોલીમરેસ ચેઈન રીએકશન. જેમાં અત્યારે જે ચર્ચા ચાલે છે કે શરુઆતના સ્ટેજમાં લેબોરેટરીમાં કંઈ પકડાતું નથી એવી પરિસ્થિતિમાં PCR ખુબ જ અગત્યનો છે અને સચોટ છે. એકવાર મેલેરિયા PCR જો પોઝીટીવ જો પોઝીટીવ આવ્યો તો સમજવું કે તમને મેલેરિયા જ છે. એટલે મેલેરિયા PCR ટેસ્ટ કરાવવો ખુબ જ જરૂરી છે. તાવના કેસમાં પહેલાં હવે મેલેરિયા PCR જ કરાવવો જેના લીધે જો મેલેરિયા હોય તો બીજી બધી દવા ખાવાની જરૂર ના પડે અને જો મેલેરિયા PCR નેગેટીવ હોય તો મેલેરિયાની દવા લેવાની જરૂર ના પડે. મેલેરિયાની દવાથી તમારું શરીર સાવ નંખાઈ જાય છે. એસેડીટી થાય, કોઈ વખતે કીડની પણ અસર થાય એટલે મેલેરિયાની દવા ખાતા પહેલાં મેલેરિયાનો PCR ટેસ્ટ કરાવવો તાકીદની જરૂર છે. તો તમારે મેલેરિયાની દવા ખાવી કે બીજી એન્ટીબાયોટીક ખાવી તે આ ટેસ્ટ ઉપરથી નક્કી થઈ શકે છે.

હવે બહુ સમય થઈ ગયો છે. (૦ શું છે? કયા કયા ટેસ્ટમાં PCR થાય છે? એ બધું આપણે કાલે ચર્ચા કરીશું.

# વિશ્વકોશ : સમાજને વિચારબળ પૂરું પાડતી સ્થાયી વ્યવસ્થા



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

માનવની તથા સમગ્ર સમાજની ઉત્ક્રાંતિ એ એક સહજ સ્થિતિ છે. માનવ આજે જ્યાં છે ત્યાં આવતીકાલે પણ સ્થિર ઊભો રહેવા માંગતો નથી. પ્રત્યેક દિવસ એક નવો પડકાર તેમજ નવી તક લઈને આવે છે. આ સ્થિતિમાં વિકસવું એ માનવજાત સાથે વણાઈ ગયેલી બાબત છે. વ્યવસ્થાઓનો વિકાસ, સાધનોનો વિકાસ, સંબંધોનો વિકાસ એ થયા કરે છે. તેની દિશા સાચી છે કે સાચી નથી તેનો નિર્ણય તો ઈતિહાસ કરે પરંતુ તેના ડરે બંધિયાર પાણી થવાનું પાલવે તેવું નથી. વિકસેલી વ્યવસ્થાઓની કેટલીક ઉણપો પણ સંજોગોને આધિન જોવા મળે છે. જેની પ્રતિતિ કોરોના કાળમાં સમાજને થઈ અને હજી પણ થતી રહે છે. આથી આ અવિરત ચાલતી વિકાસયાત્રાને દ્રષ્ટિ તથા દિશા મળે તેવું વિચારબળનું ભાથું પૂરું પાડવું તે મહત્વની જરૂરિયાત છે. આ પૂર્વભૂમિકામાં સમાજને નિરંતર વિચારબળ પૂરું પાડે, વિચારની ધૂણીને પ્રજ્વલિત રાખે તેવી વ્યવસ્થા પણ આ સમગ્ર ઉત્ક્રાંતિના ભાગ તરીકે રહે તેવો ઉમદા ખ્યાલ ધૈર્ય તથા નિષ્ઠાથી ધારણ કરીને ધીરૂભાઈએ 'વિશ્વકોશ' જેવી સદાકાળ જીવંત વ્યવસ્થા સ્થાપવાનો સંકલ્પ કર્યો. પૂજ્ય મોટા જેવા સંતના આશીર્વાદ તથા સાકળચંદભાઈ જેવા શ્રેષ્ઠિના ઉમળકાપૂર્ણ સહયોગથી એક અઘરું તથા પડકારયુક્ત કાર્ય આરંભાયું અને સતત વિકસતું રહ્યું. ''ધીરુભાઈના શ્વાસોચ્છ્‌વાસમાં વિશ્વકોશ હતો'' તેવું શ્રેણીક કસ્તૂરભાઈનું વિધાન ઔચિત્યપૂર્ણ છે. વિશાળ વટવૃક્ષ જેવું ધીરુભાઈનું વ્યક્તિત્વ વિશ્વકોશના માધ્યમથી સદૈવ સૌરભ પ્રસરાવતું રહેશે. ૨૭ જૂન, ૧૯૧૮માં જેનમો જન્મ થયો હતો તેવા ધીરુભાઈ ઠાકરની વિશેષ સ્મૃતિ જૂન માસમાં અનેક લોકોને થતી હશે તે નિશ્ચિત છે.

સચરાચર સૃષ્ટિની ઝીણામાં ઝીણી માહિતી એક સ્થળેથી મળી રહે અને તે પણ સંપૂર્ણ અધિકૃતતાની મહોર સાથે એ નાની વાત નથી. ''નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે તો વિશ્વકોશની યોજના ગુજરાતની સંસ્કારદોરી છે'' તેવું ધીરુભાઈનું વિચારયુક્ત વિધાન આ પ્રવૃત્તિ વિશે થોડામાં ઘણું કહી જાય છે. સ્થાપના થયા બાદ ઘણાં વર્ષો પછી મે-૨૦૦૫થી વિશ્વકોશનું કામ તેના માટે ખાસ બંધાયેલા ભવનમાં ચાલે છે તે અમદાવાદ અને ગુજરાત માટે ગૌરવયુક્ત ઘટના છે.

જેમણે સંસારનો ત્યાગ કર્યો છે અને દુન્વયી બાબતો તરફ વિરક્તીનો ભાવ કેળવ્યો છે તેવા કેટલાક સંતોએ સમાજને ઉપયોગી થાય તેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં તેમજ વિકસાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે તેવો આપણો અનુભવ છે. આવા બે સંતો એટલે કે પૂજ્ય મોટા તથા ભિક્ષુ અખંડાનંદે સમાજને નિરંતર વૈચારિક ભાથું મળતું રહે તેવી વ્યવસ્થા ઊભી કરવા પર વિશેષ ભાર મૂક્યો. પૂજ્ય મોટાએ 'જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળા'નું કાર્ય સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભવિદ્યાનગર)માં શરૂ કરાવ્યું. કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તેમજ જાગૃત નાગરિકોને અનેકવિધ વિકાસની વાતોથી અવગત કરવા તેમજ તેમને જ્ઞાન તથા વિચારનું ભાથું પૂરું પાડવાનો ઉમદા ધ્યેય તેનો હતો. આ સાથે હેતુ લગભગ ત્રીસ જેટલા ગ્રંથો ૧૯૬૭ થી ૧૯૮૯ દરમિયાન પ્રગટ થયા. આજ બાબતને વધારે વ્યાપક તેમજ સર્વગ્રાહી બનાવવા પૂજ્ય મોટા તરફથી ગુજરાત યુનિવર્સિટીને સારી એવી ધનરાશી દાનમાં આપવામાં આવી. કામ શરૂ પણ થયું. પરંતુ પછીથી અપેક્ષિત હતી તે નાણાંકીય સહાય જે તે સમયે સરકારમાંથી ન મળતાં કાર્યની ગતિમાં વેગ ન આવી શક્યો. કુદરતની યોજનામાં પૂ.મોટાનું સ્વપ્ન પૂરું કરવાનો નિર્ધાર હશેજ. આથીજ ૧૯૭૮માં મોડાસાથી નિવૃત્ત થઈને આવેલા ધીરુભાઈને આ કાર્ય હાથ પર લેવા તત્કાલિન કુલપતિ પુણ્યશ્લોક પી. સી. વૈદ સાહેબે પસંદ કર્યા અને ભવિષ્યની માતબર યોજનાએ જન્મ લીધો. યુનિવર્સિટીની સક્રિય પહેલ તથા સરકારના વિધેયાત્મક પ્રતિભાવને કારણે અનુદાન આપવાનું ફરી નક્કી થયું જેથી કાર્યને પુનઃ ગતિમાં લાવી શકાય. હજુ પણ કસોટી બાકી હતી. સરકારની નાણાંકીય મદદ મળવામાં અનિશ્ચિતતા સામે આવી હતી. આથી રાજ્ય સરકારની સહાય સિવાય પણ આ યોજના શરૂ કરવા વીસનગરના કર્મવીર સાકળચંદ પટેલે ધીરુભાઈને પ્રોત્સાહિત કર્યા. નાણાંકીય વ્યવસ્થા કરવાની જવાબદારી આ ઉત્તર ગુજરાતના પનોતા પુત્રે સ્વેચ્છાએ સ્વીકારી. ગુજરાતની ઉજળી શ્રેષ્ઠી પરંપરાનું પણ આ એક જ્વલંત ઉદાહરણ છે. શ્રેણિકભાઈ, કંચનભાઈ પરીખ તેમજ વિઠ્ઠલભાઈ અમીન જેવા દ્રષ્ટિવાન લોકોના માર્ગદર્શનમાં શરૂ થયેલો આ યજ્ઞ ત્યારબાદ ધીરુભાઈના અથાક પ્રયાસોથી નિરંતર પ્રજ્વલિત રહ્યો. સાંઈ મકરંદે લખ્યું હતું :

'વેર્યા છે બીજ અમે છૂટ્ટા હાથે,
હવે વાદળ જાણે ને વસુંધરા'

ધીરુભાઈ કહેતા તેમ ભગવાન જગન્નાથના રથને ખેંચવામાં અનેક હાથોનો ટેકો જરૂરી છે તેમ વિશ્વકોશના કામને ગુજરાતના અનેક ગુણીજનોનો ઉજળો સહયોગ મળી રહ્યો. ધીરુભાઈએ વેરેલા વિચારબીજ એક વટવૃક્ષમાં પરિણમ્યું. ૧૯૮૬માં સાકળચંદભાઈ આ દુનિયા છોડીને ગયા તે પૂર્વે તેમણે લગભગ ૧૩ લાખ રૂપિયા જેવી માતબર રકમ આ સત્કાર્યમાં વાપરી હતી. સાકળચંદભાઈની પ્રથમ પુણ્યતિથિએ વિશ્વકોશનો ભૂમિકાખંડ પ્રગટ કરીને તે તેમને અર્પણ કરવામાં આવ્યો. પૂજ્ય મોટા, સાકળચંદ પટેલ, પી. સી. વૈદ્ય તેમજ ધીરુભાઈને ગુજરાત કદી વિસરી નહિ શકે. વિશ્વકોશની એ ઉપલબ્ધિ છે કે તેમાં અનેક વિષયોનું અધિકૃત જ્ઞાન આપણી માતૃભાષામાં પ્રગટ કરી આપેલું છે.

વિશ્વકોશના ગ્રંથોના માધ્યમથી ગુજરાતી સમજનાર જિજ્ઞાસુને તેની રૂચિના વિષયની તમામ માહિતી મળી રહે છે. આ ઉપરાંત અન્ય કોઈ વિષયની જાણકારી પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય તો તે પણ મળી શકે છે. આ રીતે ધીરુભાઈએ સમજપૂર્વક અધ્યયન તેમજ સંશોધનના એક મજબૂત સાધન તરીકે વિશ્વકોશની ભૂમિકાને વિકસાવી છે. છેલ્લા દોઢ થી બે દાયકામાં જે માહિતી વિસ્ફોટ થયો છે તેના કારણે અનેક નૂતન યુગની માહિતીનો સમાવેશ વિશ્વકોશમાં કરવાના પ્રયાસો થયા છે.

ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ' ના ખિતાબથી સન્માન્યા તે ઉચિત હતું. કવિ ચંદ્રકાન્ત શેઠ તેમજ કુમારપાળ દેસાઈ જેવા કાર્યનિષ્ઠ સાથીઓ તૈયાર કરીને 'વિશ્વકોશ પુરુષ' ધીરુભાઈ એક ચોક્કસ સંસ્થાગત માળખું વિકસાવીને ગયા છે.

# કાગળના શુષ્ક ટુકડામાં જીવંતતા ભરવી એટલે લેખન...



**સંવેદનનું સ્ટેટ્સ**
રમેશ ઠક્કર

લખવું એક ઘટના હોય છે..આલેખનની પણ એક અતૃપ્તિ હોય છે.લેખક પાસે પોતાના ઘાવ હોય છે..ઘણીવાર લેખન એ વ્યકિતનો સ્વભાવ પણ હોય છે..એક જાણીતા મહાવરાને જરીક અલગ રીતે કહીએ તો કહી શકાય કે ઘણા લોકો જીવવા માટે લખતા હોય છે..ઘણા લખે છે માટે જ જીવતા હોય છે !

વિલિયમ વર્ડઝવર્થ કહે છે 'લખવું એટલે કાગળના શુષ્ક ટુકડામાં તમારા શ્વાસોશ્વાસ લઈ જીવંતતા ભરી દેવી..' સર્જન માટે મૂડી નહીં મુડ જવાબદાર હોય છે..અહોભાવ એને સંકોરે છે.શબ્દ ખળખળ વહે છે,તો ક્યારેક ખળભળે પણ છે...કોઈકે સરસ કહયું છે કે લખવું એ કાન ફફડાવવા જેવી પ્રકિયા છે...!

આમછતાં લેખક કશાયનો મોહતાજ હોતો નથી.' પ્રિયજન 'નામની અદ્દભૂત નવલકથા આપનાર વિનેશ અંતાણી એ કથા લખવા બેઠા તો 'આસોપાલવ' નામની બીજી જ નવલકથા લખાઈ ગઈ ! આપણે ખુશનસીબ કે આ રીતે આપણને વાચક તરીકે બે મસ્ત નવલકથાઓ મળી..સર્જનની પળો ઘણીવાર લેખકને અતિક્રમી જાય છે.પન્નાલાલ પટેલ નિખાલસતાથી કહે છે 'મારૂં સર્જન એ કોઈ ચમત્કારથી કમ નથી.અણધારી રીતે મેં સાપને દોરડું સમજીને પકડી લીધા જેવી આ ઘટના છે.'

લેખક શું કરી શકે ? ચંદ્રકાંત બક્ષીનો મિજાજ જુઓ 'નવલકથાકાર ફૂલને પીંછીથી રંગી શકે છે..ફૂલનો એકસ-રે લઈ શકે છે..એ મંથરાની આંખે રામાયણ જોઈ શકે છે...' શબ્દ એમને એમ નથી આવતો, એમાં સંવેદનાનું સિંચન થતું હોય છે.જાતનું ખેડાણ થાય છે.સામાન્ય માણસ જોતો હોય એવું જ લેખક પણ જોતો હોય છે.પરંતુ જોયેલી ઘટનાને પોતાના મનોજગતમાં ઉગવા દેવાનું કામ એ કરે છે..એટલે એ અલગ છે..

લેખન એ સ્વાનુભવ જ નહીં સમસંવેદનનો પણ વિષય છે.એ મારી વાત છે પણ તમને તમારી પોતાની લાગે છે.દૂર બેઠેલાને પણ એ અંગત લાગે છે.લેખનને કોઈ સરહદો હોતી નથી..એને સીમાડાઓ સિમિત કરી શકતા નથી.અને એટલે જ કોઈ સાચા સર્જકને આપણે હંમેશાં વિસ્મયથી જોતા હોઈએ છીએ.

લેખક એટલે ગ્લેમર નહીં ગુલમોર... લખવું એટલે લસરકો નહીં નીંભાડે નીપજવું... લખવાનો એક સ્રાવ હોય છે..જે ટપકે છે આપોઆપ..એનો સ્રાવવિસ્તાર એટલે વેદના... લેખન એ રજવાડુ જરૂર છે પણ લખવું એ હંમેશાં રજવાડી ઠાઠ હોતો નથી... કયારેક એ પળોજણોનો પાઠ પણ હોય છે... માણસ લખે છે શું કામ ? એની સંવેદનાને કોઈ સ્ટેમ્પ મારે એ માટે ? એની આત્મરતિને કોઈ આલિંગન આપે એ માટે ? એની આત્મવંચનાને કોઈ અંચળો મળે એ માટે ? એના કોઈ ધખારા કે ધમપછાડાને ધરવ મળી જાય એ માટે ? સવાલો અનેક છે... મજા એ છે કે આ સવાલોનો જવાબ જો મળી જાય તો લખવાની જરૂર રહેતી નથી..એ રીતે જોઈએ તો લેખન એ અતૃપ્તિનો ઉદ્યમ ગણી શકાય...

શબ્દો આજે ફાસ્ટફૂડની જેમ વેચાય છે... સ્ટેજ ઉપર ગીતમાલા બનીને રેલાય છે... કોલમો કોમોડીટી બનીને ડીસ્પ્લે થાય છે..એમાં પરાણે પકવેલી કેરીનો રંગ જરૂર હોય છે પણ સાહજિકતાની સુગંધ હોતી નથી...! પ્રત્યેક કથાલેખકની પોતાની આંતરકથા પણ હોય છે... જે જાણવાની તાલાવેલી સહુ કોઈને હોય છે... આજનો લેખક મુખર છે..પોતાનાં ગુણગાન પોતે જ ગાઈ લે છે..શબ્દ ખોટો હોય ત્યારે ફોટો મોટો હોય છે ! લેખકની સાચી છબી એ એના લેખનની ખૂબી હોય છે... ફાગુયુગથી આજના ફેસબુકયુગ સુધી લેખકો કેવી રીતે લખતા હશે ? એની પોતાની વાતો કેવી હશે ? એ જાણવાની તાલાવેલી વાચકપક્ષે પણ તીવ્ર હોય છે..પોતાની સર્જનપ્રક્રિયાને સંયમિત રીતે કહેવી એ પણ એક કળા છે, જે બધાને આત્મસાત નથી હોતી..શું કહે છે આપણા નીવડેલા સર્જકો પોતાના વિશે..?

'જુનું ઘર ખાલી કરતાં' ના કવિ બાલમુકુન્દ દવે લખે છે...'કવિનું મોટા ભાગનું ભાથું એના શૈશવ અને કિશોરકાળમાં સંચિત થયેલું હોય છે. પાછળથી થયેલી એની કેળવણી એના ગજા પ્રમાણે એનો લીલાવિસ્તાર કરે છે...' ગઝલ જેનો પર્યાય છે એ 'ઘાયલ' ની વાત..એમના જ શબ્દોમાં 'કોઈપણ કાવ્યપ્રકારને કદી તુચ્છ માન્યો નથી.. અગિયારમો ખેલાડી જેમ શતક કરી શકે છે તેમ એક નાનકડો સાચુકલો કવિ મહાકાવ્ય લખી શકે છે..' નિરંજન ભગત અદ્દ્‌ભૂત લખે છે... 'માનવટોળું એનો મને કેફ છે... નશો છે..હું ટોળામાંનો નથી પણ ટોળામાં છું..એમાં કામકાજ વિના કારણ વગર રખડું છું..' સુરેશ જોશી એમની આગવી શૈલીમાં કહે છે... 'ભાષા એ સાતમાળનો મહેલ છે. એના ઘણાબધા ઓરડાઓ અવાવરુ જ રહી ગયા હોય છે..'

'શિયાળાની સવારનો તડકો ' જેવો જબરજસ્ત નિબંધસંગ્રહ આપનાર અર્થશાસ્ત્રી અને લેખક વાડીલાલ ડગલીની વાત મજાની છે..'દુન્યવી સિધ્ધી માટે સાહસ કરીએ તે કરતાં સર્જનસાહસ કરીએ તે વધારે આહલાદક આહવાન છે...' હરીન્દ્ર દવેના મતે 'પ્રેમ એ મારી કાવ્યપ્રવૃતિની પ્રથમ અને પરમ નિસબત છે...' ફરીથી બક્ષીને યાદ કરીએ..એ સરસ સ્ટેટમેન્ટ કરે છે... 'દરેક નવા વાચકની સાથે લેખકનો પણ પુનર્જન્મ થાય છે...' વાહ કયા બાત ! આટલાં અવતરણો પર્યાપ્ત છે સર્જકની મનોદશાને જાણવા માટે...

લખવું આજે ફેશન બનતું જાય છે... શબ્દનું ખેડાણ એ ધીરજનો વિષય છે... એમાં પેશનનું બીજ રોપાય છે. એનાં અંકુર ફૂટે એ સાહજિક ઘટના હોય છે..શબ્દસર્જનની પ્રવૃત્તિને સાધના, લીલા, ખુજલી, ટેવ ,જરૂરિયાત એમ અનેક રીતે ઓળખવામાં આવે છે. પણ અંતે તો હેમનું હેમ...! લેખક પણ આપણા જેવો માણસ જ છે... લા. ઠા..નિખાલસપણે કહે છે..' બટાકાનું શાક ભાવે છે..આઈસ્ક્રીમ ભાવે છે. શિયાળામાં તડકાનો સ્પર્શ ગમે છે. ખિસકોલીને ત્વરાથી ખાતી જોવી ગમે છે... કાચી કેરી અને ડુંગળીના કચુંબરમાંથી જે પાણી છૂટે છે તે ગમે છે ચાટવું.. જીવનરસ તો છીંક ખાતી વખતે પણ પ્રગટ થાય છે... 'વાહ વાહ વાહ..આજે આવું લખાય છે..? આજનો લેખક એટલે તો જાણે દોડધામનો માણસ.. ઉપરચોટીયા આલેખનનો માણસ..!

આલેખનની એક આગવી શરત છે..લાગણી હોય એ જ લખી શકે.. લેખનશૈલી, વાચન, અનુભવ,નિરીક્ષણ આ બધાં ઉપકરણો કહી શકાય પણ ફિલિંગ્સ ના હોય તો એ બધાં જ નકામાં સાબિત થાય...લેખન એ ઉપચાર છે લાગણીઓને સંતુલિત રાખવાનો... આ લાગણી શબ્દ ગુજરાતી ભાષાને આપનાર કવિ નર્મદ બહારથી જોસ્સાવાળો લાગતો પણ ભીતરથી ભીનો ભીનો હતો..

આપણે લેખક કે કવિને સંવેદનશીલ વ્યકિત તરીકે જ ઓળખીએ છીએ..એનો અર્થ એવો નથી કે બીજા વ્યવસાયિકોમાં સંવેદના નથી હોતી..ઘણીવાર તો સર્જકો કરતાં સામાન્ય માણસ પોતાની આસપાસની દુનિયાને વધારે તીવ્રતાથી સંવેદી શકે છે... લેખક આ બધી સંવેદનાઓની સજાવટ કરે છે... શબ્દોની ટોપલીમાં એને શણગારે છે...સર્જન એટલે લાગણીનો સવિસ્તર અહેવાલ...

લખવું એટલે આમ તો જાત સામે ઝઝુમવું... માણસ વિશ્વયુદ્ધો લડી શકે,વિરાસતોને ધ્વસ્ત કરી શકે,નિર્મમ રીતે જુલ્મી બની શકે..પણ એ બહારની દુનિયા સામે ! માણસની ભીતર એક રણભૂમિ હોય છે એમાં મામકા પાંડવા નથી હોતા..બંને પક્ષે આપણું જ મન હોય છે..સદ-અસદના આ આક્રમણનો પ્રતિકાર આપણી સંવેદના કરે છે..માણસના આંતરિક ભાવોને અભિવ્યક્તિની ઉડાન મળી જાય એટલે લખાય જ..લેખનનું ચાલકબળ લાગણી જ હોય છે !

લેખન એ આમ તો ખોટનો ધંધો છે..લોકો કોઈ ઘટના કે જીવનની કોઈ કડવાશને અનુભવી પછી ભુલી જાય છે. પણ સર્જકને એ જ ચીજ વળગાડ બની ચોંટી જાય છે..લેખનનો લેપ એને આ અભિશાપમાંથી મુકત કરાવે છે..લેખક લખીને હળવો થાય છે..પ્રસૂતીની પારાવાર વેદના પછી જે અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે એવો એ અનુભવ હોય છે..એ માણવાનું સદભાગ્ય ઈશ્વરે બે જ વ્યક્તિને આપ્યું છે એક જનની અને બીજા શબ્દસર્જકને !

દ્રવી ઉઠવાની આપોઆપ ઘટના જયાં આકાર લે ત્યાં કોઈ કવિતા કે કૃતિ લાવારસની માફક પ્રગટી જ જાય..ઠરેલો લાવા એટલે ફળદ્રુપ માટી ! એમ સ્થિર લાગણીઓની સજાવટ એટલે શબ્દ રચના..કોઈ સુંદર નવલકથા કે કાવ્યસંગ્રહ વાંચીએ ત્યારે એવું થાય છે કે શાંત દેખાતાં આ શબ્દ ડૂંડવાંમાં ઠરી ગયેલા લાવારસમાંથી કેટકેટલી રસસામગ્રીનો સંચય થયો હશે !

સર્જન એ વિસર્જન પછી વિસ્તરતી પ્રક્રિયા છે... પાન લીલું જોયા પછી સહુ કોઈને પોતાનું પ્રિયજન યાદ આવે જ.પણ એ જોવાની ઘટના આપણી બાબતમાં પછી આગળ વધતી નથી.. ઘટનાનો લોપ કે વિસર્જન થઈ જાય છે.. હરીન્દ્ર દવે જેવા કવિની કવિતાની શરૂઆત જ ત્યાંથી થાય છે .એટલે જ કહી શકે..' પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં..જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ..!'

કોઈ સારી કૃતિ આપણને ભીતર સુધી સ્પર્શી જાય ત્યારે સર્જક અને આપણી વચ્ચેનો એક સેતુ આકાર લેતો હોય છે... એ કૃતિ કોઈ અન્ય સર્જકને ઝંકૃત કરે અને એની અસરમાં કોઈ બીજી રચના આવે તો એ અનુસર્જન કહેવાય ! સાહિત્યમાં આવાં અનુસર્જનો પણ લાગણીઓના અણુ જેવાં હોય છે ! લખવાની વિવિધ તરકીબો હોય છે. સોના ઈંઢોણી રૂપા બેડલી જેવી સજાવટ હોય છે.લેખનની કોઈ પણ તરકીબ બોરિંગ નથી હોતી. કોઈપણ કૃતિ વાચકના મતે કાં તો સારી હોય અથવા ખરાબ..કોઈપણ સર્જન નકામું કે ફેંકી દેવા જેવું નથી હોતું. કેમકે એ હંમેશાં લાગણીની સીમમાંથી પ્રગટેલું હોય છે.